# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/082 Dt. 15/09/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના સંયુકત ઉપક્રમે સુરતના લઘુ ઉદ્યોગકારો માટે MSME કોન્કલેવ યોજાઇ

**DIC સુરતના GM શ્રી એમ.કે. લાદાણી અને NSIC નેશનલ SC/ST હબના સુરત હેડ શ્રી કુલદીપ સિંઘ રાજપુત દ્વારા લઘુ ઉદ્યોગકારોને MSMEs માટેની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તથા સબસિડી વિષે વિસ્તૃત જાણકારી અપાઇ**

**સુરતમાં છેલ્લાં અઢી – ત્રણ વર્ષથી બંધ PMEGP સ્કીમને ફરીથી શરૂ કરાવવા તથા MSECDP સ્કીમના પ્રાવધાનમાં જરૂરી સુધારા કરવાની જરૂરિયાત સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બંને અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું**

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સેમિનાર હોલ– એ, સંહતિ, સરસાણા, સુરત ખાતે એમએસએમઇ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના જનરલ મેનેજર શ્રી એમ.કે. લાદાણી અને નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના નેશનલ એસસી / એસટી હબના સુરત હેડ શ્રી કુલદીપ સિંઘ રાજપુતે સુરતના લઘુ ઉદ્યોગકારોને MSMEs માટેની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તથા સબસિડી વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાત એમએસએમઇનું હબ છે. આખા ગુજરાતમાં જેટલા એમએસએમઇ નોંધાયા છે તેના ૫૦ ટકા એમએસએમઇ દક્ષિણ ગુજરાતમાં સ્થપાયા છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને ૫ ટ્રિલિયન યુએસ ડોલરની ઇકોનોમી બનાવવાનો સંકલ્પ લીધો છે અને તેના માટે ઉદ્યોગકારોને ૧ ટ્રિલિયન યુએસ ડોલરનો એક્ષ્પોર્ટ કરવા માટે હાંકલ કરી છે ત્યારે એક્ષ્પોર્ટના આ લક્ષ્યાંકને પહોંચી વળવા માટે એમએસએમઇ મહત્વની ભૂમિકા ભજવશે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, નવા ઉદ્યોગો સ્થાપવા માટે PMEGP ઘણી મહત્વની સ્કીમ છે, પરંતુ સુરતમાં છેલ્લાં અઢી – ત્રણ વર્ષથી આ સ્કીમ બંધ હોવાથી તેને ફરીથી શરૂ કરવી જોઇએ. MSECDP સ્કીમમાં સીડબી તરફથી પ્રોજેકટ એપ્રેઝલનું પ્રાવધાન છે પણ પ્રિ એપ્રુવલ સ્ટેજ પર ઉદ્યોગકારોને ઘણો ખર્ચો પ્રોજેકટ પ્રપોઝલમાં થઇ જાય છે, આથી લઘુ ઉદ્યોગકારો આ સ્કીમનો લાભ લઇ શકે તે માટે આ સ્કીમના પ્રાવધાનમાં જરૂરી સુધારા કરવાની જરૂરિયાત છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના જનરલ મેનેજર શ્રી એમ.કે. લાદાણીએ જણાવ્યું હતું કે, સુરતમાં ૪ લાખ એમએસએમઇ છે અને તેમના થકી ૧૫ લાખ લોકોને રોજગારી મળે છે. કેન્દ્ર સરકારે એમએસએમઇના ડેવલપમેન્ટ માટે રૂપિયા ૨૨૦૦૦ કરોડ ફાળવ્યા છે. જ્યારે ગુજરાત સરકારનું રૂપિયા ૭૫૦૦ કરોડ એમએસએમઇ ઇન્ડસ્ટ્રીનું બજેટ છે. તેમણે જણાવ્યું હતું કે, બિઝનેસ શરૂ કરવા માટે સબસિડી આપવામાં આવે છે પણ એકઝીસ્ટીગ યુનિટને એકસપાન્શન વખતે પણ લઘુ ઉદ્યોગકારોને સબસિડી મળવાપાત્ર છે. પ્લાન્ટ એન્ડ મશીનરીઓ માટે પણ સબસિડી મળે છે. કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ પર પણ સબસિડી આપવામાં આવે છે. એમએસએમઇ ઉદ્યોગકારોએ કેપીટલ સબસિડી માટે એક વર્ષની અંદર અરજી કરવાની હોય છે.

સુરત જિલ્લામાં લઘુ ઉદ્યોગકારોને તાલુકા વાઇઝ એકથી ત્રણ કેટેગરીમાં મુકવામાં આવ્યા છે. ઉમરપાડા અને મહુવા તાલુકામાં બિઝનેસ સ્થાપનારાઓનો કેટેગરી એકમાં સમાવેશ થાય છે, આથી તેઓને ૨૫ ટકા સબસિડી મળે છે. બારડોલી અને માંડવી તાલુકામાં બિઝનેસ સ્થાપનારાઓનો કેટેગરી બેમાં સમાવેશ થાય છે, આથી તેઓને ૨૦ ટકા સબસિડી મળે છે. જ્યારે સુરત સિટી, માંગરોળ, કામરેજ, પલસાણા, ચોર્યાસી અને ઓલપાડ તાલુકામાં બિઝનેસ સ્થાપનારાઓનો કેટેગરી ત્રણમાં સમાવેશ થાય છે, આથી તેઓને ૧૦ ટકા સબસિડી મળે છે.

તેમણે જણાવ્યું હતું કે, લઘુ ઉદ્યોગકારોને સોફટવેર માટે રૂપિયા ૧ લાખ અને હાર્ડવેર ડેવલપમેન્ટ માટે રૂપિયા ૫ લાખ સુધીની સબસિડી આપવામાં આવે છે. કોઇ ઉદ્યોગકાર દ્વારા વિદેશની ટેકનોલોજી એકવીઝીશન કરવામાં આવે છે ત્યારે ગુજરાત સરકાર તેઓને રૂપિયા ૫૦ લાખ સુધીની સહાય આપે છે. તેમણે આસિસ્ટન્સ ઓફ કવોલિટી સર્ટિફિકેશન, ઝેડ સર્ટિફિકેશન માટેની સબસિડી, એસએમઇ એક્ષ્ચેન્જ, આસિસ્ટન્સ ફોર પાવર કનેકશન ચાર્જિસ, આસિસ્ટન્સ રેન્ટ ટુ એમએસઇઝ, માર્કેટ ડેવલપમેન્ટ આસિસ્ટન્સ ટુ એમએસએમઇ વિષે વિસ્તૃત માહિતી આપી હતી

લઘુ ઉદ્યોગકારો જ્યારે ગુજરાત રાજ્યમાં, ભારતમાં તેમજ વિદેશોમાં યોજાતા એકઝીબીશનોમાં પાર્ટીસિપેટ કરતા હોય છે ત્યારે તેઓને અનુક્રમે રૂપિયા ૫૦ હજારથી લઇને રૂપિયા ૫ લાખ સુધીની સહાય અપાય છે. વધુમાં તેમણે કહયું હતું કે, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના કાર્યાલયમાં એમએસએમઇ હેલ્પ ડેસ્ક કાર્યરત છે, જ્યાં

ઉદ્યોગ સાહસિકોને અને યુવાઓને બિઝનેસ માટે ફાયનાન્સ, સરકારની સબસિડી અને રજિસ્ટેશન વિગેરેની માહિતી આપવામાં આવે છે.

નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના નેશનલ એસસી / એસટી હબના સુરત હેડ શ્રી કુલદીપ સિંઘ રાજપુતે જણાવ્યું હતું કે, ઉદ્યોગ આધારને વર્ષ ૨૦૨૨ પછી ઉદ્યમમાં કન્વર્ટ કરવામાં આવ્યું છે. મેન્યુફેકચરીંગ અને સર્વિસ સેકટરને એમએસએમઇ સ્કીમનો લાભ મળે છે. જ્યારે ટ્રેડીંગ ક્ષેત્રે એમએસએમઇ સ્કીમનો લાભ મળતો નથી. તેમણે જણાવ્યું હતું કે, રૂપિયા ૨ લાખ કરોડની વાર્ષિક ખરીદી સરકારના જેમ પોર્ટલ પરથી એમએસએમઇ ઉદ્યોગકારો પાસેથી થાય છે. તેઓ નાના ઉદ્યોગકારો પાસે ટેન્ડર ભરાવે છે, જેમાં એક ઉદ્યોગકાર દ્વારા તે શકય નહીં થાય તો સમુહમાં પાંચથી દસ ઉદ્યોગકારો સાથે મળીને પણ ટેન્ડર ભરી શકે છે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬માં નેશનલ એસસી / એસટી હબ બન્યું હતું. સ્પેશ્યલ ક્રેડીટ લીન્ક કેપીટલ સબસિડી યોજના અંતર્ગત એસસી તથા એસટી કેટેગરીમાં આવતા ઉદ્યોગ સાહસિકોને વ્યવસાય શરૂ કરવા માટે સબસિડી આપવામાં આવે છે. તેઓ બલ્ક પરચેઝનું ડિસ્કાઉન્ટ એમએસએમઇ સુધી પહોંચાડે છે. આ ઉપરાંત લઘુ ઉદ્યોગકારોને પ્રોડકટના માર્કેટીંગ માટે પણ સહયોગ આપે છે.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન શ્રી કિરણ ઠુમ્મરે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની એમએસએમઇ કમિટીના ચેરમેન સીએ મનિષ બજરંગે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. એમએસએમઇ કમિટીના કો–ચેરમેન શ્રી પ્રદીપ પટેલ, સભ્ય શ્રી પ્રમોદ ભગત તથા લઘુ ઉદ્યોગકારો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. એમએસએમઇ કમિટીના સભ્ય શ્રી રાહુલ અગ્રવાલ અને શ્રી મિતેષ શાહે વકતાઓનો પરિચય આપ્યો હતો. બંને અધિકારીઓએ ઉપસ્થિત લઘુ ઉદ્યોગકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.